"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

રેફ નં. તા: ૨૦/૦૩/૨૦૧૭

તંત્રી શ્રી, ______________________ સુરત

જાત નીચેની પ્રેસ નોટઆપના દૈનિકમાં પ્રસિધ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ,

નીલેશ વિ. માંડલેવાળા, પ્રમુખ

---

## લેઉવા પટેલ સમાજના બ્રેનડેડ દેવકુંવરબેન છગનભાઈ કાકડીયાના પરિવારે કિડની, લીવર અને ચક્ષુનું દાન કરી માનવતા પ્રસારી સમાજને નવી દિશા બતાવી.

નામ: દેવકુંવરબેન છગનભાઈ કાકડીયા ઉ. વ. ૭૦ બ્લડ ગ્રુપ: A+ve

રહેવાસી: ૪૬, લક્ષ્મીનારાયણ સોસાયટી, ડભોલી ચાર રસ્તા, વેડ રોડ, સુરત.

મૂળ રહેવાસી : ગામ: વૈયા, તા. બરવાળા, જી. બોટાદ

કૌટુંબિક વિગત : પતિ: છગનભાઈ ભીમજીભાઈ કાકડીયા ઉ. વ. ૭૧

નિવૃત્ત જીવન

પુત્રો: ૧. મુકેશભાઈ છગનભાઈ કાકડીયા ઉ. વ. ૪૮

ડાયમંડ મેન્યુફેક્ચરિંગના વ્યવસાય સાથે સંકળાયેલા છે.

૨. વિકાસ છગનભાઈ કાકડીયા ઉ. વ. ૪૦

ટેક્ષટાઈલના વ્યવસાય સાથે સંકળાયેલા છે.

પુત્રીઓ:૧. વર્ષાબેન બળદેવભાઇ કાસોદરીયા ઉ. વ. ૪૪

૨. રીટાબેન કિશોરભાઈ સાકરીયા ઉ. વ. ૪૨

૨...

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014



**બનાવની વિગત:**

ગુરુવાર તા: ૧૬ માર્ચ, ૨૦૧૭ ના રોજ દેવકુંવરબેનને રાત્રે ૯:૩૦ કલાકે વોમિટીંગ થતાં તેઓ બેભાન થઇ ગયા હતા. તેથી તેમને તાત્કાલિક સીંગણપોર ચાર રસ્તા પાસે આવેલ સરદાર હોસ્પીટલમાં દાખલ કર્યા. ત્યાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર માટે રાત્રે ૧૨:૩૦ કલાકે મહાવીર ટ્રોમાં હોસ્પિટલમાં ડો. હસમુખ સોજીત્રા અને ડૉ. મનોજ સત્યાવાણીની સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યા. CT સ્કેન કરાવતા મગજની નસો ફાટી જવાને કારણે મગજમાં લોહીનો ગઠ્ઠો જામી ગયો હોવાનું નિદાન થયું હતું.

રવિવાર તા. ૧૯ માર્ચ, ૨૦૧૭ ના રોજ ન્યુરોસર્જન ડો. હસમુખ સોજીત્રા અને ન્યુરોફીજીશ્યન ડો. મનોજ સત્યવાણીએ દેવકુંવરબેનને બ્રેનડેડ જાહેર કર્યા.

રમેશભાઈ વધાસીયા (વલ્લભીપુરવાળા) એ ડોનેટ લાઈફના પ્રમુખ નીલેશ માંડલેવાલાનો ટેલીફોનીક સંપર્ક કરી દેવકુંવરબેનના બ્રેનડેડ અંગેની માહિતી આપી.

ડોનેટ લાઈફની ટીમે હોસ્પિટલ પહોંચી દેવકુંવરબેનના પુત્ર મુકેશ અને વિકાસ તેમજ પરિવારના અન્ય સભ્યોને અંગદાનની પ્રવૃત્તિની જાણકારી આપી અંગદાનનું મહત્વ સમજાવ્યું.

દેવકુંવરબેનના પતિ છગનભાઈ, પુત્રો મુકેશ અને વિકાસ તેમજ પરિવારના અન્ય સભ્યોએ જણાવ્યું કે અમારા સ્વજન બ્રેનડેડ છે અને તેમનું મૃત્યુ નિશ્ચિત છે અને તેઓનું શરીર બળીને રાખ થઇ જાય તેના કરતા તેઓના અંગોનું દાન કરી કિડની અને લિવર નિષ્ફળતાના દર્દીઓને નવજીવન મળતું હોય તો અંગદાન માટે આપ આગળ વધો.

પરિવારજનો તરફથી અંગદાનની સંમતિ મળતા નીલેશ માંડલેવાલાએ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ટ્રાન્સપ્લાન્ટ કો.ઓર્ડીનેટર પ્રિયાબેન શાહ અને ડો. પ્રાંજલ મોદીનો સંપર્ક કરી કીડની અને લીવરનું દાન લેવા આવવા માટે જણાવ્યું.

3...

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004, Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014



અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડો. સુરેશકુમાર અને તેમની ટીમે આવી કિડની અને લીવરનું દાન સ્વીકાર્યું. જ્યારે ચક્ષુઓનું દાન લોકદ્રષ્ટિ ચક્ષુબેંકના ડો. પ્રફુલ શિરોયાએ સ્વીકાર્યું.

દાનમાં મેળવવામાં આવેલી બન્ને કિડનીઓ રાજકોટના રહેવાસી દિલીપભાઈ વિરમભાઇ બોડા ઉ.વ. ૫૩ માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી છે. જ્યારે લીવર ભાવનગરના રહેવાસી વસંતભાઈ દેવજીભાઈ ઉ. વ. ૪૩માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે.

આ કિડની અને લીવરનું ટ્રાન્સપ્લાન્ટ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC) ખાતે ડો. પ્રાંજલ મોદી ,ડો. જમાલ રિઝવી અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું છે.

અંગદાન મેળવવાની આ સમગ્ર પ્રકિયામાં દેવકુંવરબેનના પતિ છગનભાઈ, પુત્રો મુકેશ અને વિકાસ, પુત્રીઓ વર્ષા અને રીટા તેમજ કાકડીયા પરિવારના અન્ય સભ્યો, ન્યુરોસર્જન ડો. હસમુખ સોજીત્રા, ન્યુરોફીજીશ્યન ડો. મનોજ સત્યવાણી, મહાવીર ટ્રોમા હોસ્પીટલના સંચાલકો અને સ્ટાફ, રમેશભાઈ વઘાસીયા (વલ્લભીપુરવાળા), ડોનેટ લાઈફના પ્રમુખશ્રી નીલેશ માંડલેવાલા, મંત્રી શ્રી રાકેશ જૈન અને યોગેશ પ્રજાપતિનો સહકાર સાંપડ્યો હતો.

સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી અત્યાર સુધી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી શ્રી નીલેશ માંડલેવાલા અને ડોનેટ લાઈફ દ્વારા ૧૯૨ કિડની, ૭૨ લીવર, ૪ પેન્ક્રીઆસ, ૯ હૃદય અને ૧૭૦ ચક્ષુઓનો દાન મેળવીને ૪૪૬ વ્યક્તિઓને નવું જીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે.